(M)

—— COPY ——

**THE GANDHIDHAM**
**CHAMBER OF COMMERCE & INDUSTRY**

(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com

No. GCCI / 507

તા:૧૪.૦૨.૨૦૧૮

શ્રી નિતીનભાઈ પટેલ,
માનનિય નાયબ મુખ્ય મંત્રીશ્રી તથા
મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ,
સર્વર્ણિમ સંકુલ - ૧, ૨જે માળે,
ગાંધીનગર - ૩૮૨૦૧૦

વિષય: ગાંધીધામ - આદિપુર, કચ્છમાં આવેલી રામબાગ હોસ્પીટલની સુવિધાઓમાં સુધારા લાવવા બાબત

માનનિયશ્રી,

સવિનય જણાવવાનું કે કચ્છ જિલ્લામાં ગાંધીધામ - આદિપુર મધ્યે આવેલી રામબાગ હોસ્પીટલ આ વિસ્તારનાં ઉપરાંત અંજાર, ભચાઉ સહિતનાં લોકોને આર્શિવાદ સમાન બનેલી છે. આમ છતાં આ હોસ્પીટલમાં લાંબા સમયથી નીચે જણાવેલ સુવિધાઓ નો અભાવ હોવાને લીધે રાજ્ય સરકારની આરોગ્ય ક્ષેત્રની સારી યોજનાઓ હોવા છતાં લોકોને ફરજીયાત પણે ખાનગી હોસ્પીટલમાં સારવાર લેવાની ફરજ પડે છે.

1. તબીબોની મોટા ભાગની જગ્યાઓ ખાલી પડી છે. ઓપીડી પણ ગાયનેક ડોકટરને હવાલે કરવી પડે તેવી સ્થીતી ઊભી થઈ છે.
2. જરૂરી દવાઓનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોતો નથી. આથી દવાનાં પૂરતા જથ્થા અંગે પણ ધ્યાન આપી અને વ્યવસ્થા કરવી અત્યંત જરૂરી છે.
3. નિષ્ણાંત તબીબોની સેવાઓનો પણ અભાવ છે.
4. આ હોસ્પીટલમાં એમ્બ્યુલન્સની સેવા સમય ઉપર ઉપલબ્ધ થતી નથી.

લાખો રૂપીયાનાં ખર્ચે ગરીબ અને મધ્યમ વર્ગ માટે આર્શીવાદ સમાન બનેલ રામબાગ હોસ્પીટલમાં ઉપરોક્ત જણાવેલ સુવિધાઓમાં તાત્કાલિક સુધાર લાવવાની આમ જનતાની માગણી અને લાગણી છે.

ઉપરોક્ત હક્કિકતો ને ધ્યાનમાં લેતા ગુજરાત સરકાર તાત્કાલિક યોગ્ય પગલાં ભરે એવી અમારી વિનંતી છે. આ સંદર્ભે લેવાયલ પગલાંની માહિતી આપતા આપનાં પ્રત્યુતરની અપેક્ષા સહ.

આભાર...

આપનો વિશ્વાસુ,

મુરલીધર જગાણી
માનદ મંત્રી

નકલ રવના: શ્રીમતી માલતીબેન મહેશ્વરી, ધારાસભ્યશ્રી, ગાંધીધામ મતવિસ્તાર